પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૭૧ | ૧૧ ડિસેમ્બર, ૨૦૧૭, સોમવાર ; માગસર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ગુજરાતમાં ભાજપે માત્ર વિકાસ કર્યો છે : મોદી

### ખારીકટ કેનાલમાં પાણી આવ્યું એટલે ડાંગરની ખેતી શક્ય બની, ખેડૂત ચાર બંગડીવાળી ગાડી ચલાવતો થઇ ગયો, ભાજપની સરકાર બન્યા પછી ટ્રેડર કહેવાતુ રાજ્ય મેન્યુફેક્ચરીંગનું હબ બન્યું, ઓટોમોબાઈલનું કેન્દ્રબિંદુ સાણંદથી મોઢેરાનો પટ્ટો બની ગયો

જેમને વિકાસ શું કહેવાય તેને ગતાગમ નથી અને જેમણે ભ્રષ્ટાચારને જ આ દેશમાં શિષ્ટાચાર બનાવી દીધો એવા લોકો કયારેય આ દેશનું ભલું ના કરી શકે. આપણો આ વિસ્તાર તમે મને કહો ગુજરાત કયાંથી કયા પહોંચ્યું અને કોંગ્રેસવાળા રતિભર તેની ક્રેડિટ લેવાની કોશિષ ના કરતાં. તમે તો કાળોકેર વર્તાવ્યો છે. જાતિવાદના ઝઘડા કરાવી ગુજરાતના ઉભા ફાડિયા કરી નાંખ્યા. વીરમગામાં દર મહિને કર્ફ્યુ લાગતો કે નહીં? વીરમગામમાં છેલ્લે કર્ફ્યુ કયારે લાગ્યો હતો આ સલામતી અને શાંતિ કયારે આવી?

બહુ કડક પ્રશ્ન પૂછું, તમે મને કહો આ કોંગ્રેસ હોત તો આ ખારીકટ કેનાલમાં પાણી આવ્યું હોત? આ કોંગ્રેસવાળાના લમણે વાગે એવી રીતે બોલો. આ કામ ખાલી ઉદ્યોગો નહીં ખેતીની દુનિયામાં કમાલ કરી છે. ગુજરાતનો કૃષિ વિકાસ દર ૧૦ ટકા જેટલો કરીને અમે હિન્દુસ્તાનમાં પહેલો નંબર રહ્યાં છીએ. હવે ત્યાં અટકવાના નથી અમે આગળ પગલું



ભરવાના છીએ.

કોંગ્રેસ આખી દુઃખી છે, રડે છે નોટબંધી પનોટબંધી પનોટબંધી પનોટબંધી, તમારા ખિસ્સામાંથી પણ ૫૦૦-૧૦૦૦ની નોટ ગઈ કે ના ગઈ. તમને તકલીફ પડી છતાંય તમે કોઈ દુખી છો ભાઈ, કોઈને ગુસ્સો આવે છે. કારણ તમારી પાસે કાળુંહતું, તમને શેનું રડું, આવે જેનું ગયું હોય તેને રડું આવેપ૧૨ મહિના થઈ ગયા કેટલુંગયું હશેપહજુ રડું આવે છેપકચ્ચરઘાણ નીકળી ગયો ભાઈપઅને ગુજરાત મને ભલીભાંતી જાણે છે. આ સાણંદની ધરતીમાં મોટો થયો છું. અહીં સેંકડો કુંટુંબો છે જેમનું મેં નમક ખાધું છે. તમે મને જે સંસ્કાર આપ્યા છેપઆ ખુરશી માટે નહીં પણ મોદી તો હિન્દુસ્તાનની ખુશી માટે પેદા થયો છે અને એટલા માટે આજે પણ કહું છું કે જેમણે આ દેશને લૂંટયો છે કાન ખોલીને સાંભળી લીધો જેમને પણ આ દેશને લૂંટયો છેપ જેમને ગરીબોને લૂંટ્યા છેપતેમને ગરીબોને આપવું જ પડશે પાછું અને હું લઈને જ રહેવાનું છું.

અહીયા એટલુંદુખ છે કેપ તમે મને કહો કેરલ, તામિલનાડુ, ઓરિસ્સા, આંધ્ર, તેલંગણા, બિહાર, બંગાળ, આસામ, મણિપુર, સિક્કિમ, અરૂણાચલ પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીરમાંથી કોંગ્રેસ ગઈ કે ના ગઈપ કયાંય બચી છે? સુક્ષ્મદર્શક યંત્ર લઈને ફરો તોય ના દેખાય.

## ભારતમાં ૪૫ ટકા નાગરિકોએ પોતાના કામ માટે લાંચ આપી

ન્યુ દિલ્હી,તા.૧૦

મોદી સરકારે દેશમાં ભ્રષ્ટાચાર ખતમ કરવા નોટબંધી, જીએસટી જેવા પગલાં લઈને તેનો અમલ કરાવ્યો છે. જોકે તેની અસર પણ જોવા મળી છે. પરંતુ તેમ છતાં પારદર્શિતા આવી નથી. એક સર્વેમાં ખુલાસો થયો કે પાછલા વર્ષે ભારતમાં ૪૫ ટકા લોકોએ પોતાના કામ કઢાવા લાંચ આપી હતી. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ એક એવી માન્ય સંસ્થા છે જે વિશ્વમાં ભ્રષ્ટાચાર અંગેના સર્વે કરે છે. ભારતમાં પણ આ સંસ્થાએ સર્વે કર્યો હતો. જેમાં ખુલાસો થયો કે ભારતમાં ૪૫ ટકા લોકોએ પાછલા વર્ષે લાંચ આપી હતી.

ટ્રાન્સ્પરન્સી ઈન્ટરનેશનલ દ્વારા ૧૧ રાજ્યોમાં સર્વે કરાયો હતો. પાછલા વર્ષે કરાયેલા સર્વેમાં ૪૩ ટકા લોકો દ્વારા લાંચ અપાયાની વાત સામે આવી છે. ૩૪૬૯૬ લોકોમાંથી ૩૭ ટકા લોકોનું માનવું છે કે એક વર્ષમાં ભ્રષ્ટાચાર વધી ગયો છે. તો ૧૪ ટકા લોકોનું કહેવું છે કે પાછલા વર્ષની સરખામણીમાં ભ્રષ્ટાચાર ઘટ્યા છે. પશ્ચિમ બંગાળ અને મધ્યપ્રદેશમાં ૭૧ ટકા લોકોનું કહેવું છે કે અહીં ભ્રષ્ટાચાર વધ્યો છે.

મહારાષ્ટ્રમાં માત્ર ૧૮ ટકા લોકોએ જ કહ્યું કે તેમના રાજ્યમાં ભ્રષ્ટાચાર વધ્યો છે. દિલ્હીમાં લોકોમાં મિશ્ર પ્રતિક્રિયા સામાં આવી. ૩૩ ટકા લોકોનું કહેવું હતું કે ભ્રષ્ટાચાર વધ્યો છે. તો ૩૮ ટકા લોકોએ કહ્યું કે સ્થિતિ જેમની તેમ છે. તો ૨૮ ટકા લોકોનું કહેવું છે કે ભ્રષ્ટાચાર ઓછો થયો છે.

ઉત્તરપ્રદેશ આ મામલે બીજા નંબરે છે. યુપીમાં ૨૧ ટકા લોકોએ ભ્રષ્ટાચાર ઓછો થયો હોવાની વાત કરી. ટ્રાન્સ્પરન્સી ઈન્ટરનેશનલના પંકજ કુમારે કહ્યું કે નીચલા સ્તર પર જ વધારે ભ્રષ્ટાચારના મામલા સામે આવ્યા છે.

## હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ-બરફવર્ષાની સંભાવના

ન્યુ દિલ્હી,તા.૧૦

જો તમે અત્યારે શિમલા જવાનું વિચારી રહ્યા હોય તો થોડા સાવચેત રહેજો. આગામી અઠવાડિયે હિમાચલ પ્રદેશના કેટલાક સ્થળો પર ભારે વરસાદ અને બરફવર્ષા થવાની સંભાવના છે.

સ્થાનિક હવામાન વિભાગ અનુસાર, ડિસેમ્બર માસમાં ૧૧ થી ૧૨ તારીખની વચ્ચે ભારે વરસાદ અને બરફવર્ષા થવાની સંભાવના છે અને ૧૫ ડિસેમ્બર સુધી સુસ્ત હવામાન રહેવાના અણસાર છે. હવામાન વિભાગના નિર્દેશક મનમોહનસિંહે જણાવ્યું કે, ૧૧ અને ૧૨ ડિસેમ્બરે હિમાચલ પ્રદેશના કેટલાક સ્થળો પર વરસાદ થવાના એંધાણ છે.

લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર થયો નથી, પરંતુ કેટલાક સ્થળો પર મહત્તમ તાપમાન ૨ ડિગ્રી સેલ્સિયસ સુધી નીચે જતુ રહ્યું છે. તેમ છતાં, લોકો શિમલા ફરવા જઈ રહ્યા છે. હિડિમ્બા મંદિર, અર્જુન ગુફા, સોલંગ ઘાટી, નહેરૂ કુંડ જેવી જગ્યાઓ આકર્ષણનું મુખ્ય કેન્દ્ર છે.














